# 4 સમયનું મહત્ત્વ

**ચર્ચાના મુદ્દા :**

❀ સૌથી અમૂલ્ય શું ગણાય છે ? ❀ સમયને અમૂલ્ય શા માટે કહે છે ? સોય નાનકડી હોવાં છતાં કેવી રીતે ઉપયોગી છે ?

નાની વસ્તુઓ પણ ઉપયોગી હોય છે. નાની નાની વસ્તુઓ જોડાવાથી મોટી વસ્તુ બને છે, દરેક પળની કિંમત સમજનાર બુદ્ધિમાન હોય છે.

જળના નાનાં નાનાં બિંદુઓ, સાગર બની લહેરાય છે,
ઈંટ થી ઈંટ જોડાઈને, સુંદર ઘર બની જાય છે.

ફૂલથી ફૂલ મળે તો, ગુલદસ્તો બની જાય છે,
માટીના કણ કણથી તો, આ પૃથ્વી રચાય છે.

દરેક પળ નાની શી, જોડાય તો યુગ બની જાય છે,
જે સમજે પળે પળનું મહત્ત્વ, તે બુદ્ધિમાન કહેવાય છે.




4 QUALITY EDUCATION

☐ બજાર ☐ વન ☑ ઘર ☐ તળાવ

૨. જળના બિંદુઓથી બને છે.

☐ વાયુ ☐ નાવ ☐ વાદળાં ☑ સાગર

૩. કણ-કણ માટીથી બને છે.

☐ સરોવર ☑ પૃથ્વી ☐ પર્વત ☐ પથ્થર

૪. આ કાવ્ય માટે સૌથી યોગ્ય શીર્ષક.

☐ ઘડિયાળની કિંમત ☐ સાગર અને બિંદુઓ

☐ પળ અને યુગ ☑ સમયનું મહત્ત્વ

૫. આ કાવ્ય દ્વારા આપણને શું શીખવા મળે છે ?

☐ સમય આવતો-જતો રહે છે

☑ સમય અણમોલ છે

☐ સમયનું ધ્યાન રાખવાથી બુદ્ધિમાન બની શકાય છે.

☐ સમયની પહેલાં કંઈ હોતું નથી

## મૂલ્યવર્ધક પ્રશ્ન. (Value based question)

- સમય પર કામ કરવાથી શું લાભ થાય છે ?
- આ કાવ્ય દ્વારા શું શીખવા મળે છે ?

## ભાષાજ્ઞાન

૧. નીચે દર્શાવાયેલ શબ્દો કયા શબ્દના સમાનાર્થી શબ્દો છે તે કાવ્યમાંથી પસંદ કરીને લખો.

• synonyms

.....ફૂલ..... - પુષ્પ, સુમન

.....સાગર.... - સમુદ્ર, જલધિ

.....ઘર.... - મકાન, આવાસ

…પૃથ્વી… - ધરા, ધરતી

…જળ… - પાણી, નીર

…મૂલ… - મૂલ્ય, કિંમત

૨. શબ્દના જે રૂપથી વ્યક્તિ કે વસ્તુ એક કે અધિક હોવાની માહિતી મળે તેને 'વચન' કહે છે.

દા.ત. : કાગળ - કાગળો, લહેર - લહેરો

• number

નીચેના શબ્દોના **વચન** બદલીને લખો.

ઈંટ - …ઈંટો…

ગુલદસ્તો - …ગુલદસ્તાઓ…

બિંદુ - …બિંદુઓ…

પેન્સિલ - …પેન્સિલો…

કાંટો - …કાંટાઓ…

પાંદડું - …પાંદડાંઓ…

• clusters

૩. નીચે દર્શાવાયેલ ઉદાહરણ પ્રમાણે શબ્દો લખો.

સ્ત - ગુલદસ્તો…, …વસ્ત…

ટ્ટ - …પટ્ટી…, …દટ્ટો…

ધ્ધ - …સિધ્ધાર્થ…, …શ્રધ્ધા…

ત્ત - …સત્તા…, …મહત્તા…

# વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. તમારી પસંદગીની વસ્તુની મદદથી ઘડિયાળ બનાવી તેને ચાર્ટ પેપર પર ચોંટાડો, તેની બાજુમાં સુંદર અક્ષરે કોઈ કાવ્ય લખો.

૨. કાગળના રંગ-બેરંગી ફૂલો બનાવીને તેનો ગુલદસ્તો બનાવો.

- **making clock, making chart, making paper flowers**

**M.I. – spatial**
**– linguistic**

**સવિશેષ :** H.W

તમારી દિનચર્યાનો એક ચાર્ટ તૈયાર કરો.



| સમય | કાર્ય |
|---|---|
| **5:30 am** | **ઊઠવું** |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

## શું તમે જાણો છો ?

દિલ્હીમાં અને જયપુરમાં જંતર-મંતર જોવાલાયક સ્થળ છે. ત્યાં સૂર્ય પ્રકાશ આધારે સમય જાણી શકાય છે.